## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

# મહાલક્ષ્મી માતાના વિવિધ સ્થાનોના દર્શનની ઝાંખી


બુરહાનપુર (મ.પ્ર.)


દહાણું રોડ (મહારાષ્ટ્ર)


ગંગધાર-ઝાલાવાડ (રાજસ્થાન)


સંતરામપુર (પંચમહાલ)


જામનગર (સૌરાષ્ટ્ર)


મેંદરડા (જુનાગઢ- સૌરાષ્ટ્ર)


ઈન્દોર (મ.પ્ર)


પાટણ


ઝાલોદ (દાહોદ)


પાલડી (અમદાવાદ)


બાલ બ્રહ્મચારી આશ્રમ (ડાકોર)


ઓઢવ (અમદાવાદ)

श्री महालक्ष्म्यै नमः    उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ


## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર : ૨૦૨૧ | www.sssgujarat.org

**મંત્રી**
**શ્રી યોગેશ શુક્લ**
મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯
**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
મો. ૯૮૨૪૩૫૮૨૯૭
**તંત્રી**
**પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય**
મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧
**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭
**તંત્રી મંડળ**
**શ્રી જયંત જોષી**
મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭
**શ્રી રાજેશ દવે**
મો. ૮૯૧૦૦ ૭૧૨૭૯
**શ્રી ધ્રુવ શુક્લ**
મો. ૯૪૨૯૩ ૫૫૬૫૩
**શ્રી મનોજ જોષી**
મો. ૯૪૨૬૩ ૬૨૫૨૭
**શ્રી પાર્થ પાઠક**
મો. ૯૫૧૦૧૮૭૨૦૧

તંત્રીશ્રીની કલમે....



આદરણીય વડિલો, મુરબ્બીઓ, મિત્રો.

સસ્નેહ જય મહાલક્ષ્મી. એપ્રિલ, મે અને જૂન માસ પછી અને કોરોનાકાળમાંથી હેમખેમ પાછા આવ્યા બાદ આપ સૌને શબ્દદેહ દ્વારા મળતાં આનંદ થાય છે.

હવે મળીશું ત્યારે દીપાવલી ભવ્યરીતે ઉજવાઈ ગઈ હશે એટલે નવા વર્ષના હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. નવું વર્ષ આપ સૌને શુભદાયી, સુખદાયી, યશસ્વી અને નિરામય આયુષ્યપ્રદ બને તેવી મા જગતજનની કુલેશ્વરીને પ્રાર્થના.

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ... સંઘે શક્તિ કલૌયુગે... કળિયુગમાં સંઘમાં, સમૂહમાં, એકતામાં જ શક્તિ રહેલી છે. આ સુવાક્યોને ચરિતાર્થ કરવાના દિવસો આવી ગયા છે. દિવસે દિવસે આપણે વિખેરાઈ રહ્યા છીએ. પરસ્પરથી દૂર થતા રહીએ છીએ તો સંઘભાવના સમાજની એકતા કેવી રીતે ટકશે ? તન, મન, ધનથી સમાજની સેવા નહિ કરીએ તો આવનાર પેઢી આપણને માફ નહિ કરે ! તે તો એમ જ કહેશે કે સમાજે, જ્ઞાતિએ આપણા માટે શું કર્યું ?

'જાગૃતિ' આપણા સમાજને મુખપૃષ્ઠ તેમાં પણ ૧૦૦ રૂ. ની શુભેચ્છા ભેટ કે નાની મોટી જાહેરાત કે સારા નરસા પ્રસંગે 'જાગૃતિ'ને પગભર કરવા નિભાવવા કંઈક તો કરવું જ પડે ને ? આટલા મોટા સમાજમાંથી એક કે બે વ્યક્તિ જાહેરાત આપે કે શુભેચ્છાઓ પાઠવે તે કેમ ચાલે ? ખરેખર, એક બનો  અંદરોઅંદરના મન, મત, ભેદો ભૂલો સારી પ્રવૃત્તિઓને બિરદાવો, સમય પાણીની જેમ વહી જાય છે.

બીજી જ્ઞાતિઓમાં જુઓ કેવી એકતા છે એક ટહેલ નાંખી નથી કે ઝોળી છલકાઈ જાય. અત્યારે તો સમાજનું કાર્યાલયના મેઈન્ટેનન્સ માટે અને 'જાગૃત્તિ' ને છાપવા માટે જરૂરી ખર્ચ માટે વારંવાર યાદ કરાવવું પડે અને નિશ્ચિત શ્રીબંધુ સિવાય કોઈ આગળ આવતું નથી. આ બધું કેમ ચાલે ? સૌની આ નૈતિક જવાબદારી છે. સૌ અને ખાસ કરી યુવાવર્ગ આગળ આવે અને સમાજના નિર્માણમાં રસ દાખવે. આપના સૂચનો મંત્રી કે તંત્રીને ફોન દ્વારા જણાવો. વોટ્સએપના ગ્રુપમાં ખોટાં મન ગણંત મંતવ્યો, અનુમાનો ના મોકલો પણ જે તે વ્યક્તિને જણાવો જેથી તે સુધારી કંઈક રચનાત્મક કરી શકાય.

દિવંગત આત્માઓની સરસ શ્રદ્ધાંજલિઓ ફોટા સાથે આપો. આપની કે આપના પરિવારની પ્રગતિના ફોટોગ્રાફ્સ સાથે આપો કે જેથી સમાજ જાણી શકે અને એક બીજાને મદદ કરી શકે.

આપણા સમાજના પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક અને લુણાવાડા ચાલીસ જ્ઞાતિના પ્રમુખશ્રી હિતેશભાઈ ભટ્ટે એક મોટું સાહસકરી દશેરાના પાવન પર્વે ભૂમિ પૂજન દ્વારા લુણાવાડામાં ગીરીરાજ પાર્ક, 3BHK વાળી લક્ઝુરીયસ નૂતન આવાસની એક સ્કીમ મૂકી શ્રી સમાજની સેવામાં આગળ આવ્યા છે તે બદલ બન્ને મહાનુભાવોને તથા ગીરીરાજ ડેવલોપર્સને અભિનંદન...વંદન...! સાથે સાથે રાજ રાજેશ્વરી, કુલેશ્વરી મા મહાલક્ષ્મીજીના મંદિરનું નિર્માણ પણ ગોધરા લુણાવાડા રોડ ઉપર રિલાયન્સ પેટ્રોલપંપ પાસે જાહેરાત કરી છે. ભૂમિ પૂજનના આ ભવ્ય અપ્રિતમ અને નૂતન અભિગમ જ "મા"ની પ્રેરણાનું ફળ છે, શુભાશિષ! આપણે સૌ આનો લાભ લઈએ અને આવી પ્રેરણાદાયી લાભકારી પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરીએ. ફરી એકવાર મહાલક્ષ્મી માતાનું ભવ્ય મંદિર બનાવવાની, લુણાવાડા સહીતના સૌ શ્રી બંધુઓને આ કુલેશ્વરીનું ભવ્ય મંદિરના નિર્માણનો વિચાર અને તે માટેનો સંકલ્પ, ખર્ચ માટેના અપ્રતિમ સાહસ માટે આ બન્ને મહાનુભાવો અને ગીરીરાજ ડેવલોપર્સને અભિનંદન...વંદન...!

પુનઃ આપ સૌને આવતા નવાવર્ષની શુભકામનાઓ, શુભેચછાઓ અને 'મા'ને પ્રાર્થના કે સૌને નિરામય દિર્ધાયુષ્યી પ્રાપ્તિ આપી શ્રી સમાજના ઉત્કર્ષમાં જોડાવાની પ્રેરણા સાથે અસ્તુ.

આભાર સહ

આપનો,
પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય
પૂર્વપ્રમુખ સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાત અને તંત્રી 'જાગૃતિ'
પ્રમુખ અખિલ ગુજરાત યુનિ. અને કૉલેજ પેન્શનર્સ સમાજ, મો. ૯૮૨૪૪૦૬૩૮૧

---

**આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.**

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**
એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

**E-mail - shreegaudjagruti2019@gmail.com**
**Website - https://samastshreegaudsamajgujarat.org**
**Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/**
**ઑફિસનું સરનામું : સી-૨૧૨, દેવ ઓરમ, પ્રહ્લાદનગર, આનંદનગર રોડ, અમદાવાદ.**




દીપનો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ હજાર,
લક્ષ્મીજી વિરાજે આપને દ્વારા, અમારી શુભકામનાઓ કરો સ્વીકાર.
શુભ દિપાવલી અને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ....

લી.
પ્રમુખશ્રી – મંત્રીશ્રી – ખજાનચીશ્રી–તંત્રીશ્રી
અને સર્વે હોદ્દોદારો વતી

## સમાચાર સંચય

- કુ. હેલી અશોકકુમાર પાઠક M.A. (Eng.) B.Ed (સ્વ. અશોકકુમાર કાંતિલાલ પાઠક અને ગં. ચારુબેન અશોકકુમાર પાઠક ની દિકરી.. મુ.વતન શહેરા) ની જૂન 2021 માં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અંગેજી વિષયના શિક્ષક તરીકે શ્રી ગૌતમેશ્વર વિદ્યામંદિર, ગામ ગુંજાળા, જિ. અમદાવાદ સરકારી ગ્રાન્ટેડ શાળામાં નિમણુંક મેળવી છે. અભિનંદન !

- શ્રી રચનાબેન હિંમતલાલ જોષીના શ્રાદ્ધ તિથિ નિમિતે શ્રી દિપેનભાઈ હિમંતલાલ જોષી તરફથી શ્રીગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ પરિવારના 12 વર્ષ સુધીના બાળકો ને શિક્ષણલક્ષી અથવા સામજિક જરૂરિયાત હોય તો કુલ 25000 સુધી ની સહાય યોગ્યતા અને જરૂરીયાત મુજબ ચકાસણી કરી યોગ્યતા મુજબ આપવામાં આવશે જે કોઈ શ્રીગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રહ્મ પરિવારના જરૂરિયાતમંદ કુટુંબીજનોને સંપર્ક કરી શકે છે સાથે એક અરજી સાથે રેશનકાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ સાથે આપવા વિનંતી અરજી ની ચકાસણી કરી યોગ્યતા મુજબ સહાય આપવામાં આવશે જે સર્વે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે જેની ખાસ નોંધ લેવી.

  **નોંધ :** અરજી કુલ રૂ. 25000 સુધીની સહાય આપવામાં આવશે લાભાર્થીના નામ ગુપ્ત રાખવામાં આવશે. સંપર્ક માટે દિપેનભાઈ હિંમતલાલ જોષી +91 98248 28767, ભાવેશભાઈ ભાનુશંકર જોષી +91 9427563441.

- જોશી શ્રેયા પ્રદિપભાઈ, એમ.એસસી. ફર્સ્ટ સેમેસ્ટરમાં ઉત્તિર્ણ થવા બદલ અભિનંદન.

- જોશી હાર્દ પ્રદિપકુમાર, ધોરણ - ૧૨ માં ઉત્તિર્ણ થવા બદલ અભિનંદન.

- રૂ. ૨૫૧/- સ્વ. ભાલચંદ્ર પંડ્યા, ડાકોરના સ્મરણાર્થે હ. શ્રી મહેશભાઈ ઉપાધ્યાય તરફ થી શ્રીગૌડ જાગૃતિ નિભાવ ફંડ માટે મળેલ છે. ધન્યવાદ !

- સમસ્ત શ્રીગૌડ સમાજ વડોદરા ની ઈ.સ.૨૦૨૧-૨૦૨૩ ની કુલ ૧૬ સભ્યો ની કાર્યવાહક સમિતિ ની રચના થઈ, તે પૈકી શ્રી મુકેશભાઈ પંડ્યા પ્રમુખ, શ્રી નિશાંતભાઈ પુરોહિત અને ભાવનાબેન સી. ભટ્ટ માનદ્ મંત્રીઓ, શ્રી નિરંજનભાઈ અમૃતલાલ પુરાણીની કોષાધ્યક્ષ નિમણુક કરવામાં આવી છે.

- જીમીત રાજેશકુમાર પંડ્યા M.Sc. (Physics) KVS યુનિવર્સિટી ગાંધીનગરમાં Sem I & II માં 98.6% સાથે યુનિ. માં પ્રથમ આવેલ છે. અભિનંદન !

- નેતી સામવેદન પંડ્યા ૧૨ કૉમર્સમાં ૮૩% સાથે ઉત્તિર્ણ થયા છે. અભિનંદન !
- ડૉ. જયકુમાર ૨. શુકલ ને ગુજરાત ઇતિહાસ પરિષદ દ્વારા પ્રો. રસિકલાલ છો. પરીખ સુવર્ણચંદ્રક અને સન્માનપત્ર એનાયત કરેલ છે.
- તા. ૨૨.૮.૨૦૨૧ ને શ્રાવણી પૂનમ ને બળેવ ના દિવસે શ્રીગૌડ પ્રગતિ મંડળ, અમદાવાદ - ગુજરાત દ્વારા શાસ્ત્રોક્ત/વેદોક્ત વિધિ-વિધાન થી સામુહિક યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ માં સંસ્થા ના પ્રમુખ શ્રી મુકેશભાઈ શાસ્ત્રી સહિત ૩૦ શ્રીબંધુઓએ શ્રી રણછોડજી મંદિર ઘોડાસર - અમદાવાદ ખાતે ભાગ લીધેલ.
- શ્રીગૌડ મેળતવાળ બ્રાહ્મણ સમાજ - જામનગર દવારા વિદ્વાન પંડિતો ના સાનિધ્યમાં સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ-વિધાનથી "યજ્ઞોપવિત નુતનીકરણ" માં ૯૦ ભૂદેવો એ સવારે સાડા સાત વાગે હરહર મહાદેવ ના નાદ સાથે શરૂ થયેલ કાર્યક્રમ સાડા દસ વાગે પૂર્ણ થયેલ, જેમાં શ્રી જયેશભાઇ ત્રિવેદી, શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી હિતેશભાઈ ત્રિવેદીએ સુંદર સેવા આપેલ. શાસ્ત્રી ચંદ્રેશભાઈ ત્રિવેદીએ વિધિ કરાવેલ; જેમાં મુખ્ય દાતા શ્રી મનીષભાઈ સુરેશચંદ્ર ભટ્ટ અને શ્રીમતી ચંદ્રિકાબેન મનીષભાઈ ભટ્ટ દ્વારા પાવન પ્રસાદીરૂપે રેડીમેઈડ મુગટો આપવામાં આવેલ. સહયોગી દાતાઓ પૈકી શ્રી પિન્ટુભાઈ હસમુખભાઈ ભટ્ટ (કાલાવડ) ટોપ ઇન ટાઉન - જામનગર તરફથી ઉપવસ્ત્ર અને શ્રી મહાદેવહર જામનગર તરફ થી ફરાળ તથા, સ્વ. કિરીટભાઇ જયંતીલાલ ભટ્ટ તથા સ્વ. મધુબેન કિરીટભાઈ ભટ્ટ જામનગર હસ્તે શ્રી ધીરેનભાઈ કે. ભટ્ટ તરફથી સંપૂર્ણ પૂજા સામગ્રી પાવન પ્રસાદી ભેટ રૂપે આપેલ.
- મહિલા મંડળ માં જ્ઞાતિના સક્રિય કાર્યરત બહેનો ને સ્વ. મનસુખલાલ વસનજી ભટ્ટ (કાલાવડ) હ. શ્રી નિખિલભાઈ હસમુખભાઈ ભટ્ટ (મીનાક્ષી સાડી) જામનગર તરફથી રક્ષાબંધન ભેટ રૂપે "ડ્રેસ" આપવામાં આવેલ. જ્ઞાતિના વડીલો દ્વારા આરતી કરવામાં આવેલ.
- શ્રીમદ ભગવતગીતા ના ૧૨મા અને ૧૫મા અધ્યાય ની ઓનલાઈન શુદ્ધ પઠન પરીક્ષા ઉત્તીર્ણ કરવા બદલ દર્શના પ્રિયકૃષ્ણ પાઠક ને શુભકામનાઓ સહિત, ગીતા ગુંજન પ્રશસ્તિપત્ર એનાયત થયેલ છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીડન થી આયોજિત ઓન લાઈન " શિવ તાંડવઃ સ્તોત્ર ગાન સ્પર્ધા તા. ૧૫.૮.૨૦૨૧ ના યોજાયેલ જેમાં વિશ્વના ૪ દેશોએ ભાગ લીધેલ. તા.૩.૯.૨૦૨૧ ના જાહેર થયેલા પરિણામ મુજબ સાડત્રીસ પક્ષના વડોદરા નિવાસી શ્રી દુષ્યંતભાઈ બી. પંડિત ને પ્રથમ ક્રમાંકે
- શ્રીગૌડ સાતોદળ મેળતવાળ બ્રહ્મસમાજે નૂપુર જાની મેમોરિયલ ટ્રસ્ટ ના સહયોગથી જન્માષ્ટમી ના તહેવાર પ્રસંગે જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારોને મીઠાઈ તેમજ ફરસાણનું વિતરણ તા. ૨૮.૮.૨૦૨૧ ના રોજ શ્રી મહાલક્ષ્મી માતાજી ના સાંનિધ્ય માં કરવામાં આવ્યું હતું જેને સફળ બનાવવા શ્રી અજયભાઈ જોષી, અસ્મિતાબેન જોષી, પૂનમબેન જોષી અને કલ્પના બેન વિગેરે એ સેવા સહયોગ આપેલ.

- ડૉ. રાજેષ એમ. પુરોહિત ને એગ્રી ફૂડ એકવા ૨૦૨૧ દવારા થાઈલેન્ડ ની ઓન લાઇન કોન્ફરન્સમાં પ્રેઝન્ટેશન આપવા આમંત્રણ મળ્યું હતું.
- યુગ્મા અંશુમાનભાઈ શાસ્ત્રી ને ક્લાસ XI માં ૫૦૦ માંથી ૪૧૫ ગુણાંક મેળવી ૮માં સ્થાને પાસ કરેલ છે.
- વિજેશ કુમાર પંડિત ને ૧૧મા ધોરણ ના આર્ટ્સ પ્રવાહ માં ૫ વિષયના કુલ ૫૦૦ માંથી ૩૯૪ ગુણાંક મેળવી ઉત્તીર્ણ કરેલ છે.
- મૂળ કોઠંબા હાલ અમદાવાદના શ્રી સૌરભ રાજેશભાઇ દવે ને એલઆઈસી પોલિસી માં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ઈનામ પ્રાપ્ત થયેલ છે.
- કુમારી શ્રેયા પ્રદીપભાઈ જોષી ને મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ના ફૂડ અને ન્યુટરેશન પ્રવાહ એમએસસી માં ૭૪% ગુણાંક મેળવેલ છે.
- હાર્દ પ્રદીપભાઈ જોષી એ ૧૨મા ધોરણ માં કુલ ૫૦૦ માંથી ૨૫૭ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલ છે.
- ડો. મિત અશ્વિન દવેનું તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તત્કાલીન નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિત, અન્ય મહાનુભાવો ની હાજરીમાં સન્માન કરેલ.
- જ્ઞાતિ ગૌરવ : Dr. Atul Pandya will be awarded a National Award for his contribution to Corporate Skill Building through his training today online from Mumbai. This is a video expressing his appreciation for this award, and this will be shown online at the time of declaration of award. IIMT, where Dr. Atul Pandya is CEO, also has received award and Dr. Atul Pandya has received a award for his personal contribution to corporate world. ખુબ ખુબ અભિનંદન ડો. શ્રી અતુલભાઇ પંડ્યા
- સ્વ. શૈલેન ચંદ્રશંકર પંડ્યાના દેવાહસાન પછી તેમના પરિવારજનો દ્વારા સ્વ. શૈલેનભાઈના અંગો બે કિડની, બે આંકો અને લીવરનું દાન કરી જરૂરિયાતવાળાનું જીવન બચાવી ઉમદા અને પ્રેરણાદાયીકાર્ય કરવા બદલ પરિવારજનોને અભિનંદન અને શુભાશિષ.
- શ્રીગૌડ જાગૃતિ મંડળના મૂકસેવક શ્રી કુમુદચંદ્ર દવેના સમાજોપયોગી જ્ઞાન, કૌશલ્ય, સેવા, સમર્પણ, વિશિષ્ટ યોગદાનને ધ્યાનમાં લઈને, બ્રહ્મસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ, મા. શ્રી ભાવેશભાઈ રાજ્યગુરૂ દ્વારા બ્રહ્મસેનાના પ્રદેશ સમિતિના કારોબારી સદસ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત શુભેચ્છા સહ, અભિનંદન પાઠવે છે.
- શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરામાં શ્રીમતી મંદાકીનીબેન ગીરીશભાઈ શુક્લ તરફથી નવરાત્રીના બીજા નોરતે માતાજીના મંદિરમાં સાઉન્ડ સીસ્ટમ અર્પણ કરેલ છે. અભિનંદન.

# શહેરા મહાલક્ષ્મી તીર્થ ધામમાં માતાજીનો પાટોત્સવ ઉજવાયો



અનંત ચૌદશ તા. ૧૯-૦૯-૨૦૨૧ને રવિવારના રોજ મહાલક્ષ્મી માતાના પ્રાગટ્ય દિવસને અતિ ધામધૂમ અને હર્ષોલ્લાસથી શ્રીબંધુ-ભગિનીઓની વિશાળ હાજરમાં ઉજવવામાં આવ્યો. આ દિવસે ઘણાબધા શ્રી ઉપાસકોએ માતાજીના ચરણોમાં સુવર્ણનું દાન, આભૂષણ આપી માતાજીને શણગારથી દેદિપ્યમાન બનાવ્યા હતાં. જેમાં શ્રીમતી અલકાબેન વત્સલ પાઠ અને શ્રી વત્સલ દિનેશચંદ્ર પાઠક તરફથી શ્રી મહાલક્ષ્મી માતાજી શહેરા ને 02 તોલાનુ સોનાનું મંગલ સુત્ર અને ચાંદીની પાદુકા અર્પણ કરેલ છે. આ બંને દાતાઓને ખૂબ ખૂબ અભિનંદન તથા તેમના પર શ્રી મહાલક્ષ્મી માતાજીની કૃપા હંમેશા નિરંતર રહે તેવી પ્રાર્થના. આ પ્રસંગે તેમના પૂજ્ય પિતાશ્રીની અને માતુશ્રીની ઈચ્છાનુસાર પૂજ્ય દેવેન્દ્રભાઈ શુક્લ અને અમારા નાની પૂજ્ય વિદ્યા બા તરફથી શ્રી મહાલક્ષ્મી માતાજી ને સોનાના બે હાર (નેકલેશ સેટ) અને કાનના કુંડળ અર્પણ કરવાનું આયોજન આંનંદ ચૌદશના રોજ માતાજીના પાટોત્સવ પૂજાના પ્રસંગના કરેલ છે. આ ઉપરાંત અમો, વસંત અને ભાઈ શ્રી હરેશ, તરફ થી શ્રી મહાલક્ષ્મી માતાજી માટે ચાંદીનો સોનાનો ઢોળ ચઢાવેલ મુગટ અર્પણ કરેલ છે.



શ્રી કમલેશભાઈ જોશી પરિવાર- વડોદરા તરફથી તેમના બા અને દાદા પાછળ શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર, શહેરામાં માતાનાં ગર્ભ ગૃહ માટે ટાઈલ્સ આપવાનાં છે અને તેનો સંપૂર્ણ ખર્ચ તેઓ આપવાના છે જેની એક ગાડી ભરેલ ટાઈલ્સ આવી ગયેલ છે, તેમના અને તેમના પરિવારના ને ખૂબ ખૂબ અભિનંદન તથા શ્રી મહાલક્ષ્મી માતાજી ની કૃપા તેમના પર હંમેશા નિરંતર રહે તેવી પ્રાર્થના.

શ્રી સૂજલભાઇ જયશ્રી બેન દવે - અમદાવાદ તરફથી શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર, શહેરા માં માતાજી નાં મંદિર માં દરવાજા આપેલ છે તેના ફિટિંગ ખર્ચ સાથે અંદાજીત ત્રણ લાખ રૂપિયા છે. તેમના અને તેમના પરિવારના ને ખૂબ ખૂબ અભિનંદન તથા શ્રી મહાલક્ષ્મી માતાજી ની કૃપા તેમના પર હંમેશા નિરંતર રહે તેવી પ્રાર્થના.

-તંત્રીશ્રી



સ્પીરીચ્યુઅળ ક્રીસ્ટમાં ગેસ્ટ ઑફ ઑનર તરીકે શ્રી હસિત પાઠકે (પૂર્વ સંપાદક - જાગૃતિ) સ્થાન શોભાવી થર્ડ આઈ સંસ્થાના સ્થાપક શ્રીમતી વિશ્રુતા ત્રિવેદીના કરકમળોથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીગૌડ સમાજ તરફથી હાર્દિક અભિનંદન.





દિવ્ય ભાસ્કર Pride of Gujarat 2021

Active politician in his constituency (Kheda-Mahisagar)

## પ્રમાણિકતા, સહકાર, સમાજસેવા-સંસ્કારનો સુભગ સમન્વય મુકેશભાઇ શુક્લ

- સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને સહકારી તથા સામાજિક જ નહીં રાજકીય ક્ષેત્રે આઝાદીના સમયથી શુક્લ પરિવાર અગ્રેસર છે, જે તેમના પ્રજાપ્રેમની પારાશીશી
- નવનિર્માણના આંદોલનથી માંડીને જિલ્લા પંચાયતના પ્રમુખ સુધીની સફર, વીરપુરને તાલુકાનો દરજ્જો અપાવવામાં નોંધપાત્ર પ્રદાન.

દિવ્યભાસ્કરમાં જે પરિવારની ભારોભાર પ્રશંસા કરવામાં આવી છે તે શ્રી મુકેશભાઈ શુક્લ (વિપરુ, જિ. મહિસાગર) અને તેમના સુપુત્ર શ્રી પિનાકીન શુક્લ તથા ચિ. પૌત્ર પૃથ્વીરાજ શુક્લની ભવ્ય કારકિર્દી છે. શ્રીગૌડ સમાજ અને સમસ્ત બ્રહ્મ સમાજનું ભવ્ય ગૌરવપ્રદ આ પરિવારે રાજકીય, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓથી પ્રામાણિકતા, સમાજસેવા, સંસ્કારનો સુગમ સમન્વય દ્વારા વિરપુર અને જિલ્લામાં સમાજમાં નામ રોશન કરી ઉમદા અને પ્રેરણાદાયી પ્રવૃત્તિઓથી સદાય અગ્રેસર રહ્યા છે. સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન સહ નિરામય આયુષ્યની પ્રાર્થના. તેમના પિતાશ્રી સ્વ.શંકરદાદા તેમના માત્રુશ્રી સ્વ. વિદ્યાબાના નામને ઉજાગર કર્યું છે. તેઓના મોટાભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ શુક્લ પણ વર્ષો સુધી વિપરુના સરપંચ રહી નગરની સેવા કરી છે. અભિનંદન.

-તંત્રીશ્રી



આનંદ આશ્રમ, પાલડી ખાતે પૂ. પ્રદીપભાઈ શાસ્ત્રી ભાગવત્ કથાકારની કથા દરમ્યાન નર્મદાપરિક્રમા કરનાર કુ. ક્રિષ્ના ઘનશ્યામભાઈ રાવલ (ઉ. ૧૭)ના અનુભવોના પુસ્તક વિમોચન પ્રસંગે પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય (તંત્રીશ્રી), શ્રી પી.કે. લહેરી સાહેબ, શ્રી રમેશભાઈ રાવલ (સિંહ પ્રેમી દિવવાળા) અને મયૂરભાઈ રાવલ સહિત અનેક પરિક્રમાવાસીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ પ્રસંગેમાં વિશેષ ઉપસ્થિતિ.

---

શ્રી દિગીશ કુમુદચંદ્ર દવેને પૂર્વરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન નો પ્રતિષ્ઠિત એવોર્ડ, ઉત્તમ શિક્ષકનો મળ્યો છે. આ આપણા સૌ માટે એક ઉમદા ઘટના છે. સમાજ તરફથી તેઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ અને શ્રી દિનેશ શુક્લ દ્વારા રૂમડિયા ઈન્ડિયન ડૉક્યુમેન્ટરીનો સર્ટિફિકેટ ઑફ ઍવોર્ડ ૨૦૨૧ લિબર્ટી ફિલ્મ એવોડ આપવામાં આવેલ છે, અભિનંદન.

લીમખેડા-બાંડીબાર ગર્લ્સ હાઈ.ના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષક દિવાકર શુક્લ દ્વારા સોમવારે દવે ગર્લ્સ હાઈ. વેજલપુર મુકામે મોટિવેશન વીથ મનોરંજન કાર્યક્રમ યોજાતો હતો. કાર્યક્રમમાં તેમણે ગુજરાતની દીકરીઓએ રાષ્ટ્રીય તતા આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેળવેલ સિદ્ધિની જાણકારી આપી શિક્ષક વિદ્યાર્થીઓના જોક્સ શાયરી રજૂ કર્યા હતા.





# પુણ્યભૂમિ મધવાસ

## આપણા કુળદેવી મહાલક્ષ્મી માતાજીનું મંદિર,


## મહાદેવ મંદિરનો પુરાતન અભિલેખ અને મધવાસ ગામનો ઇતિહાસ.


- તરુણ શુકલ


મધવાસ ગામ પરમ પાવન મહીસાગર નદી ના તટ પર ઊંચાઈ વાળી જગ્યાએ વસેલું છે. શ્રીગૌડ બ્રાહ્મણો દ્વારા વસાવાયેલ આ ગામ માં એક સમયે શ્રીગૌડ બ્રાહ્મણો ની વસ્તી મોટી સંખ્યા માં હતી, જેઓ હાલમાં 2-3 કુટુંબો ને બાદ કરતાં વ્યવસાય અર્થે દેશ પરદેશ માં સ્થળાંતરિત થઈ ગયા છે. હાલ માં ગામ માં મુખ્યત્વે પટેલ સમાજ ની વસ્તી છે, જ્યારે અન્ય સમાજ ના લોકો પણ જૂજ સંખ્યા માં છે. ગામ નદી ના કોતરો માં વસેલું છે, જે ઊંચાઈ પર ના મકાનો અને નીચા રસ્તાઓ થી અનુભવાય છે. નદી માં હંમેશા પુર નો ખતરો રહેતો હતો, જે મહી નદી ઉપર કડાણા ડેમ બનવાથી હાલ ઓછો રહ્યો છે.

મધવાસ ગામ ની પ્રાચીનતા વિશે વિચારીએ તો ગામ ના પાદરે આવેલ મંદિર સમૂહ તેમાં સહાયભૂત થાય છે. મધવેશ્વર મહાદેવ મંદિર, રણછોડજી મંદિર તથા ગામ ના મૂળ વતની એવા શ્રીગૌડ બ્રાહ્મણો ના કુળદેવી મહાલક્ષ્મી માતાજી નું મંદિર આ સમુહ ના ભાગ રૂપે છે . આ બધા માં મહાદેવ મંદિર પ્રાચીનતમ છે. મહાદેવ મંદિર માં એક અભિલેખ આવેલો છે જે ગર્ભગૃહ ના પ્રવેશ દ્વાર ની જમણી બાજુ દીવાલ માં ચણાયેલ છે. (ફોટોગ્રાફ આ લેખ સાથે સામેલ છે) આ અભિલેખ દેવનાગરી લિપિ માં છે. જે ઈસવી સન 1586 ના મે માસ નો છે. આ અભિલેખ પુરાતન હોવાથી સંરક્ષિત જાહેર થવો જોઈએ.

આ અભિલેખ માં વિક્રમ સંવત નો ઉલ્લેખ શ્રી સંવત તરીકે કરવામાં આવેલ છે. જે તે સમય ની પરંપરા અનુસાર લેખમાં સંવત ની સાથે શકાબદ નો ઉલ્લેખ છે. મંદિર ની પ્રતિષ્ઠા અક્ષય તૃતીયા ના શુભ મુહૂર્ત માં થઈ હતી. જે હાલ માં પરશુરામ જયંતિ તરીકે પણ ઉજવાય છે .આ લેખ માં કાલ ગણના ના વિશિષ્ઠ સ્વરૂપ માં દિવસ લખવા માટે સંવત તથા શકાબદ સહિત માસ તિથિ ઉત્તરાયણ તથા વસંતઋતુ નો ઉલ્લેખ છે. આ અભિલેખ કુલ 10 પંક્તિ માં છે, જેના વર્ણન અનુસાર રાણા કુંભા,








જેઓ આ મંદિર ના નિર્માણના  સમયગાળા પછી લુણાવાડા રાજ્ય  ના રાજવી  પદે સ્થાપિત થયા હતા, તેમણે પોતાના કુટુંબ સહિત આમંદિર ની સ્થાપના કરાવી હતી.

આ પાઠ તથા અભિલેખ નું વાંચન ઉદયપુર (રાજ.) સ્થિત શ્રી ડો.શ્રીકૃષ્ણ જુગનુજી એ કરેલ છે, જેઓ વિદ્વાન લેખક અને  અભિલેખ વિદ્યા ના તજજ્ઞ છે , તેમણે પુરાતત્વ, ભારતીય સંસ્કૃતિ , શિલ્પશાસ્ત્ર ઉપર  દોઢસો થી વધુ પુસ્તકો લખ્યા અથવા સંપાદિત કરેલ છે.

આ અભિલેખ નો પાઠ નીચે મુજબ છે,

90|| સ્વસ્તિશ્રી સંવત (86) પ્રવર્ષે વૈશાખ સુદી 3 || 1 ||<br>
રવિ શાકે 1507 પ્રવર્તમાને  ઉત્તરાયન ગતે || 2 ||<br>
શ્રી સુર્યે વસંત ઋતો ,મધવાસ શુભ સ્થાને રાઉ || 3 ||<br>
લ શ્રી કુંભાજી,સુત રાઉલશ્રી જિતાજી સુત || 4 ||<br>
રાઉલશ્રી રાધાજી,સુત રાઉલશ્રી પાતાજી ની || 5 ||<br>
માતા બાદમરીષી પાતાજી ની ભાર્યા બાઈ  ઊર્મિલી || 6 ||<br>
સુત રાઉલ કલા ભાર્યા કલ્યાણ વ વિત્તિય  સુત  રા || 7 ||<br>
ઉલ બદા ભાર્યા રન્નાદે, રાઉલ કલા સુત રાઉલ આસ || 8 ||<br>
રાઉલ બદા સુત રાઉલ નાના સમસ્ત કુટુંબ રાઉલ પા || 9 ||<br>
તિ શ્રી મહારુદ્ર નું પ્રાસાદ  કરાપીતં શુભમ  ભવતુ: ||10 ||

આ અભિલેખ નો  ભાવાનુવાદ કરિયે તો સ્વસ્તિ શ્રી સંવત (86) વૈશાખ સુદી ત્રીજ, અક્ષય તૃતીયા ના શુભ દિવસે રવિ શાકે 1507 (ઇસવી સન 1586) ની વર્ષાઋતુ ની પહેલા (મે મહિના માં) મધવાસ શુભ સ્થાને રાણા કુંભાજી એ પોતાના  પત્ની પુત્ર પૌત્ર તથા સમગ્ર કુટુંબ સહિત મહાદેવ રુદ્ર પ્રાસાદ (મંદિર) નું નિર્માણ કરેલ છે. અભિલેખ માં  રાણા કુંભા નો ઉલ્લેખ છે, તેઓ  સત્તર મી સદી ની શરૂઆત ના વર્ષો  માં  લુણાવાડાના રાજવી બન્યા હતા, અભિલેખ માં ઉલ્લેખિત  કુંવર જિતાજી (જીતસિંહ) પણ તેમના પછી  લુણાવાડાની ગાદી ઉપર બિરાજ્યા હતા. જે તે સમયે લુણાવાડા રાજ્ય ના રાજવી કુટુંબ

દ્વારા મધવાસ ગામ માં મહાદેવ મંદિર નું નિર્માણ એ રાજ્ય માં મધવાસ ગામ ની તથા તેના રહેવાસી શ્રિગૌડ બ્રાહ્મણો ની મહત્તા દર્શાવે છે. મૂળભૂત રીતે શિવપૂજક એવા મધવાસ ગામ ના શ્રીગૌડ બ્રાહ્મણો એ રાજ્યાશ્રય પામી દક્ષિણા માં ભૂમિ મેળવી હશે, છતાં તેઓ સંપૂર્ણ રાજ્યાશ્રય માં ના રહેતા પોતાની રીતે મહીનદીના કિનારે સ્વતંત્ર જીવન જીવી પ્રભુ પૂજા અને મનગમતી પ્રવૃત્તિ કરતા હતા.

અભિલેખ લખાયો તે સમય ગાળામાં ગુજરાતમાં સુલ્તાની રાજ્ય સમાપ્ત થઈને મુઘલ સુબો રાજ કરતો હતો, જ્યારે દિલ્હીની ગાદી પર મુઘલ શહેનશાહ અકબરનું રાજ ચાલતું હતું.

મહાદેવ મંદિર એક ટેકરા ઉપર છે, જેનો એક થી વધુ વખત જીર્ણોદ્ધાર થયો લાગે છે. જેથી મંદિરનું મૂળ સ્વરૂપ રહ્યું નથી. છતાં શિવલિંગ અને અન્ય મૂર્તિઓ પુરાતન લાગે છે. મંદિર ની આગળ શનિદેવ ની મૂર્તિ છે, જે સિંદૂર લાગવા થી હનુમાનજી ની મૂર્તિ જેવી લાગે છે. જ્યારે કેટલીક નાની દેરીઓ છે, જે મહાદેવ મંદિરના મહંતોના સ્મારક રૂપે ચણાઈ હશે. મંદિરના આંગણમાં કેટલીક ખંડિત મૂર્તિઓ અને શિવલિંગ પણ છે, જે ગામના વૃદ્ધ માણસોના કહેવા અનુસાર ગામનું એક નાનું મંદિર હાઈસ્કૂલના રમત-ગમતના મેદાન માટે તોડી નંખાયું હતું તેના છે. મહાદેવ મંદિરની બાજુમાં જીર્ણોદ્ધાર થયેલ રણછોડજી મંદિર છે. જેનો વહીવટ ગામનો પટેલ સમાજ કરે છે. આ મંદિર પરિસરમાં ઘણા બધાં નાના મંદિર અને દેવી દેવતાઓ ની મૂર્તિઓ છે. જે એક પૂજનીય વાતાવરણ ઉભું કરે છે.

આ મંદિરથી ગામ તરફ જતા રસ્તા ઉપર નદી કિનારે ટેકરા ઉપર મહાલક્ષ્મી મંદિર છે, જે આ ગામ ના મૂળ નિવાસી શ્રીગૌડ બ્રાહ્મણોના કુળદેવીનું મંદિર છે. આ મંદિરની સ્થાપના નો પ્રમાણભૂત સમય મળતો નથી, જૂનું મંદિર જે હાલમાં અસ્તિત્વમાં નથી, તે 300 થી વધુ વરસ જૂનું હોઈ શકે. હાલનું મંદિર આશરે 65-70 વરસ પહેલાં અગાઉનું મંદિર તોડી તેની દિશા બદલી બનાવેલ છે, જેમાં માતાજીની મૂર્તિ જુના મંદિર ની પધરાવેલ છે. જુના મંદિરની માતાજીની મૂર્તિના સ્થાને હાલ નાનું મંદિર બનાવી પાદુકા પધરાવેલ છે. મંદિરના પ્રાંગણમાંથી મહીસાગર નદીનું દૃશ્ય નયન રમ્ય અને મન ભાવન લાગે છે. મધવાસના મૂળ વતની શ્રીગૌડ બ્રાહ્મણોએ તાજેતરનાં વરસોમાં ફાળો એકત્ર કરી મંદિર, ધર્મશાળા અને નદી તરફનો ચોક વગેરેનું પુનઃ નિર્માણ કરી આસપાસની જગ્યાનો વિકાસ કરેલ છે.

મધવાસ ગામના પાદરે આ મંદિર સમૂહ ભવ્ય, અલૌકિક અને પવિત્ર દૃશ્ય ખડું કરે છે. આ મંદિર પાસે શિવરાત્રી તથા જન્માષ્ટમી મેળો ભરાય છે, ત્યારે ગામના અને નજીકના અન્ય ગામોના લોકો મેળો માણે છે. મધવાસ ગામ હાઈવેથી એક કિલોમીટર અંદર છે, અહીં વિકાસના નામે આડેધડ ચણતર થયા નથી, જેથી અહીં હજુ શાંત વાતાવરણ માણી શકાય છે. અહીં મહી નદી કિનારે નૂતન ભવ્ય મોક્ષ ધામ (સ્મશાન) બનાવ્યું છે, જેમાં આજુબાજુના ગામોમાંથી મૃતદેહ પવિત્ર મહીસાગર નદી કિનારે અંતિમ સંસ્કાર માટે લાવવામાં આવે છે.

મધવાસ ને ત્યાં આવેલ મંદિર સમૂહના લીધે મહીસાગર જિલ્લાનું એક પવિત્ર યાત્રાધામ ગણી શકાય. આપણા શ્રીગૌડ બ્રાહ્મણો માટે તો કુળદેવી મહાલક્ષ્મી માતાજી ના દર્શન માટે "મસ્ટ વિઝિટ"નું સ્થળ ગણાય.

# બાથરૂમમાં બેહોશ થવું ...

- ડૉ. શ્યામલ પુરાણી

આપણે હંમેશા એવા ઘણા કિસ્સા સાંભળીએ છીએ કે લોકોને સ્નાન કરતા ચક્કર આવવાથી પડી ગયા પછી સ્ટ્રોક આવતો હોય છે. આપણે બીજે ક્યાંય પડવાનું સાંભળ્યું નથી ...?

નેશનલ સ્પોર્ટ્સ કાઉન્સિલના પ્રોફેસર, જેમણે હેલ્થી લાઈફસ્ટાઇલ કોર્સમાં ભાગ લીધો હતો, તેમણે સલાહ આપી હતી કે સ્નાન કરતા પહેલા કોઈએ તેમના વાળ ન ધોવા જોઈએ, અને તેમણે પહેલા શરીરના અન્ય ભાગોને સાફ કરવા જોઈએ.

આનું વૈજ્ઞાનિક કારણ એ છે કે, જ્યારે માથું ભીનું અને ઠંડુ હોય છે, ત્યારે તેને ગરમ કરવા માટે લોહી માથામાં વહે છે. આથી માથા પર ગરમ પાણી નાખવાથી  રક્ત-વાહિનીઓ સંકોચાય છે અને તે રક્ત-વાહિનીઓ ફાટવાની શક્યતા છે.

આવું સામાન્ય રીતે બાથરૂમમાં થાય છે, તેથી આવું ન થાય તે માટે સૌની જાગૃતિ વધારવાની અને આપણી સ્નાન કરવાની પદ્ધતિ માં પણ સુધાર લાવવાની જરૂર છે.

સ્નાન કરતી વખતે, શરીરને નીચે આપેલા ક્રમ અનુસાર ભીનું કરવાનું શરૂ કરો.

1. પગના તળિયાનો ભાગ, 2. પગ, 3. જાંઘ (સાથળ), 4. પેટ, 5. ખભો, 6. 5-10 સેકન્ડ માટે થોભો ...

આપણને શરીરમાંથી વરાળ/પવન છલકાતો હોય તેવું લાગશે, અને પછી હંમેશની જેમ સ્નાન કરીશું.

શું થાય છે, જ્યારે આપણે ગરમ પાણીથી ભરેલો કાચનો ગ્લાસ ખાલી કરીને પછી તરત જ ઠંડા પાણીથી ભરી દઈએ ...? કાચ ફૂટી જશે, બરાબર ને ... !!!

આપણા શરીરમાં, શરીરનું તાપમાન વધારે હોય છે, અને પાણી ખૂબ ઠંડુ હોય છે. જો આપણે શરીર અથવા માથાનાં ભાગને સીધું ઠંડા પાણીથી સ્નાન કરીએ ત્યારે આપણા શરીર માં પણ આવીજ પ્રક્રિયા થાય છે.

આ કારણે જ આપણે ઘણીવાર લોકોને અચાનક બાથરૂમમાં પડતા જોતા હોઈએ છીએ.

સ્નાન કરવાની ખોટી પદ્ધતિના કારણે આપણને

* રક્ત-વાહિનીઓ ફાટવાથી સ્ટ્રોક આવી શકે છે. * માઈગ્રેન થઇ શકે છે. * બ્લડ પ્રેશર વધી શકે છે. * ચક્કર આવી શકે છે

આ સ્નાન કરવાની પદ્ધતિ તમામ ઉંમરના વ્યક્તિ માટે યોગ્ય છે, ખાસ કરીને ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને માઈગ્રેન/માથાનો દુખાવો ધરાવતા લોકો માટે.

લોકહિતમાં વધું વ્યક્તિઓ ને  કૃપા કરીને શેર કરશો ...

(એક મિત્રના અંગ્રેજી લેખનું માતૃભાષા માં સરળ અનુવાદ)

|| શ્રી લક્ષ્મી નૃસિંહ કૃપા ||

**જીતુભાઈ ભટ્ટ**
મો. ૯૮૨૫૧ ૫૫૮૪૩, ૯૪૨૮૪ ૬૧૪૯૪

**શ્રી મહાલક્ષ્મી ઓટો એડવાઈઝરર્સ**
**આર.ટી.ઓ. તથા જનરલ વિમા એજન્ટ**

**કૃષ્ણનગર મેઈન રોડ, ગોવર્ધન કોમ્પલેક્ષ, રૂ વાળાની સામે,**
**સ્વામીનારાયણ ચોકથી આગળ, રાજકોટ – ૩૬૦ ૦૦૪.**

**શાખા : ચામુંડા રોડ, શાસ્ત્રીનગર કોર્નર, પૂજા ટ્રેડર પાસે, ચોટીલા.**
**જગદીશભાઈ ચોહાણ, મો. ૯૭૨૬૪ ૫૭૩૭૯**

## "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી"

આજના સમયમાં એક પ્લેટફોર્મ પૂરું પાડી શકાય અને પોતાના જીવનસાથીની પસંદગી માટે વિશાળ ફલક મળી રહે તેમ જ આપણા સમાજના લગ્ન ઉત્સુક યુવક યુવતીનો પરિચય વોટ્સઅપ માધ્યમથી, થકી મળી રહે એવા શુભ આશયથી **"સમસ્ત શ્રીગૌડ જીવનસાથી"** વોટ્સએપ ગૃપ શરૂ કરવામાં આવેલ છે. બાયોડેટા એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે. ગૃપમાં જોડાવા તથા બાયોડેટા મૂકવા માટે નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬
(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭
(૩) પ્રિ.ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય (અમદાવાદ) - ૯૮૨૪૪૦૬૩૮૧
(૪) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭
(૫) ડૉ. પ્રિતેશ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧
(૬) શ્રી નયનભાઈ પંડિત (અમદાવાદ) - ૮૯૮૦૦૩૧૨૫૫
(૭) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪
(૮) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮
(૯) શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯
(૧૦) શ્રી આશિષ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧
(૧૧) શ્રી પ્રશાંત પાઠક (વડોદરા) - ૯૮૯૮૨૫૪૯૭૮
(૧૨) શ્રી સંજય જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯
(૧૩) શ્રી બંકિમ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬
(૧૪) શ્રી ધ્રુવ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

# ગર્ભ સંસ્કાર

આ માં પણ ગયા અંકની જેમ ગર્ભસંસ્કાર માટે માહિતી મેળવીશું, પાછલા લેખમાં માં આપણે ગર્ભોત્પાદકર ભાવ અર્થાત ગર્ભ ને ઉત્પન્ન કરનાર ઘટકો વિશે માહિતી મેળવી.

હવે આ વખતે ગર્ભસંસ્કાર માટે ના લેખમાં આપણે પુંસવનન કર્મ વિશે માહિતી મેળવીશું.

તો આજે સૌ પ્રથમએ જાણીએ કે

1. પુંસવનન કર્મ આપવાનું હોય છે શાના માટે?
2. પુંસવનન કર્મ કઈ રીતે કરવામાં આવે છે?
3. શું પુંસવનન કર્મ જાતે ઘરે કરી શકાય?
4. અને અંતમાં પુંસવનન કર્મ ખરેખર ફાયદા કારક છે?

તો આજે ઉપરોક્ત તમામ પ્રશ્નોનો જવાબ મેળવીશું. અને જો તમારા પણ કોઈ પ્રશ્ન હોય તો પણ કોઈપણ જાતના સંકોચ વગર મારા નંબર ઉપર પુછી શકો છો.

તો જોઈએ કે પુંસવનન કર્મ આપવાનું હોય છે શાના માટે?

ઘણી વખત ઘણા બધા એવું કેહતા હોય છે કે, પુંસવનન કર્મ એ હર હંમેશ પુત્ર સંતાન એટલે કે, Male child પ્રાપ્ત કરવા માટે હોય છે, જે માન્યતા સદંતર ખોટી છે. ખરેખર તો પુંસવનન કર્મ એ ઇચ્છીત સંતાન પ્રાપ્ત કરવા માટે ઉપયોગી છે, હવે તમને એવું થશે કે પુત્ર સંતાન અને ઇચ્છીત સંતાન માં અંતર શું છે? પુત્ર સંતાન એટલે ફક્ત Male child, જ્યારે ઇચ્છીત સંતાન એટલે તમે જે સંતાન ઈચ્છો છો તે, એ Male અથવા Female, ગમે તે હોઈ શકે છે, અને ખાલી મેલ, ફીમેલ એટલુ જ નઇ પરંતુ તમે કઈ રીતનું બાળક ઈચ્છો છો, તમે તમારા બાળક માં કયા લક્ષણ ઈચ્છો છો, તેનુ નું રૂપ રંગ કેવા પ્રકારનું ઈચ્છો છો? ટુંક માં કહીએ તો તમે તમારા આવનાર બાળક જે પ્રમાણે નું ઇચ્છતા હોવ તે પ્રમાણે નુ બાળક લાવવા માટે જે કર્મ કરવામાં આવે છે તેને પુંસવનન કર્મ તરીકે ઓળખવામાં આવે છે.

પુંસવનન કર્મ કઈ રીતે કરવામાં આવે છે?

જ્યારે તમે ઇચ્છીત સંતાન માટે પુંસવનન કર્મ કરતાં હોવ છો ત્યારે તેને ફક્ત વૈદ્ય દ્વારા તેની દેખરેખ માં થવું જોઈએ તેના માટે ઇચ્છીત સંતાન માટે પુંસવનન કર્મ ની રીત અહી વર્ણવવામાં નહી આવે. પરતું એટલી માહીતી જરૂરથી આપીશ કે જો તમે ઇચ્છીત સંતાન માટે પુંસવનન કર્મ કરાવો છો, તો આવા સમયે પુંસવનન કર્મ હમેશા ગર્ભધારણ કરતાં પહેલા જ શરૂ કરવું જોઇએ.

જ્યારે તમે બાળક માં કોઈ ચોક્કસ લક્ષણો ઈચ્છતા હોવ ત્યારે, તમારે આવનાર બાળકમાં તમે જે લક્ષણો ઈચ્છો છો તે પ્રમાણે નું વર્તન ગર્ભધારણ કરતાં પહેલાથી શરૂ કરવું જોઈએ, ઉદાહરણ તરીકે, તમે ઈચ્છો છો કે તમારું આવનારું બાળક એ એક સારું ગાયક બને તો તમારે ગર્ભધારણ કરતાં પહેલા થી સારા સારા ગાયક કલાકારો ના ગીતો સાંભળવા જોઈએ તેમનું જીવન ચારીત્ર અથવા તેમના વિશે જે પણ માહીતી મળે તે પણ વાંચવી જોઈએ, તથા ગીતોનો અભ્યાસ પણ કરવો જોઈએ, ભલે તમારો કંઠ કાગડા જેવો મીઠો કેમ નથી. આ તો ખાલી એક ઉદાહરણ છે, તમે તમારું બાળક જે પણ ક્ષેત્રમાં આગળ મોકલવા માંગતા હોવ તેના વિશે સતત વિચારવું જોઈએ તથા ભલે તમે બીજા ક્ષેત્રમાં છો પરંતુ તમે તમારા બાળકને જે ક્ષેત્રમાં મોકલવા ઈચ્છતા હોવ તે ક્ષેત્રનો તમારે અભ્યાસ કરવો પડે ભલે તમને તે ક્ષેત્ર વીશે ખબર પડે કે ના પડે.

બાળક નું રૂપ જ્યારે તમારી ઈચ્છા મુજબનું જોઈતું હોય તો ઋતુ સ્નાતા સ્ત્રી એટલે કે, માસીક પુર્ણ થયા બાદ જ્યારે સ્ત્રી સ્નાન કરીને આવે છે ત્યારે તે જે પ્રકારના પુરુષ ને જોશે તે પ્રકારના બાળકના આવવાની શક્યતાઓ વધી જાય છે, એટલે જ સુશ્રુત આચાર્યે ઋતુ સ્નાતા સ્ત્રી ને સૌ પ્રથમ તેના પતિ નો ચહેરો જોવા માટે કીધું છે.

હવે બાળકના રંગ જો તમારે તમારી ઈચ્છા મુજબના જોઈતા હોય તો તમારે અગ્નિ અને જલ મહાભુત અધિક હોય છે ત્યારે બાળકનો વર્ણ ગોરો બને છે, જ્યારે પૃથ્વી મહાભુત અધિક હોય છે ત્યારે બાળક નો વર્ણ કૃષ્ણ બને છે.

શું પુંસવનન કર્મ જાતે ઘરે કરી શકાય?

આનો જવાબ છે ના, પુંસવનન કર્મ જાતે કોઈ દિવસ કરવું જોઈએ નહી, તેને ફક્ત યોગ્ય વૈદ્ય દ્વારા કરાવવું જોઈએ.

પરંતુ સુસંસ્કારી, સુંદર, મનમોહક, અને તેજસ્વી બાળક મેળવવા માટે જે કીધું છે તે દંપતિ એ નિત્ય પોતાના નિવાસ સ્થાને કરવાનુ છે.

શું પુંસવનન કર્મ ખરેખર ફાયદા કારક છે?

આ સવાલ જો તમને ના થાય તો બેજ કારણ હોય શકે,

એક તમને આ પુંસવનન કર્મ માં કોઈપણ પ્રકારનો રસ નથી, અને બે તમે પણ આયુર્વેદના આંધળા ભક્ત છો.

આ સવાલ ૧૦૦ માંથી ૯૯ લોકોને થશે જ, કે શું પુંસવનન કર્મ ખરેખરા ઇચ્છીત સંતાન આપી શકે, આતો પેલું જીનેટીક્સ મોડીફીકેશન જેવુ લાગે છે નહી? તો આને સમજતા જાણીએ કે, એક રાજાને ત્યાં અને સંપુર્ણ રાજ ઠાઠ છોડી ને એક મહાન દાર્શનીક અને ધર્મ સ્થાપક જેને આપણે સૌ ભગવાન ગૌતમ બુદ્ધ તરીકે

ઓળખીએ છીએ, કઈ રીતે આ શક્ય છે? સેમ ઉદાહરણ ભગવાન મહાવીર સ્વામી જૈન દર્શનના ૨૪ માં તીર્થંકર નું પણ છે. અને જો પ્રાચીન ભારતથી જોવા જઈએ તો આવા હજારો ઉદાહરણ આપણી સંહીતા તથા પ્રાચીન ગ્રંથો માં છે, પરંતુ તમારે તેના માટે વિશ્વાસ રાખવો પડે, કારણ કે પુંસવનન કર્મ કોઈ લેબોરીટરી ના રીપોર્ટ થી માપી શકતો નથી. એટલા માટે જ જો વિશ્વાસ હોય તો પુંસવનન કર્મ ૧૦૦ ટકા ફાયદા કારક છે, અને જો તમને જરાક પણ સંદેહ હોય તો પુંસવનન કર્મ કરાવવું હીતાવહ નથી, પુંસવનન કર્મ માટે તમારે પણ આયુર્વેદના આંધળા ભક્ત બનવું પડે છે.

હવે આ સાથે ગર્ભ ધારણ પહેલા શું ધ્યાન રાખવું તે પુર્ણ થાય છે, માટે હવે આવતા લેખમાં ગર્ભવતી સ્ત્રીચર્યા એટલે કે ગર્ભવતી સ્ત્રી એ કઈ બાબતો નું ધ્યાન રાખવાનું તે જોઈશું.

વધુ જાણકારી માટે સંપર્ક કરો.


**વૈદ્ય નિર્જર શુક્લ**
સદાશિવ આયુર્વેદિક ક્લિનીક
પંચકર્મ, એક્યુપંચર & અગ્નીકર્મ સેન્ટર
હાટડીયા બજાર લુણાવાડા.
મહીસાગર.
ફોન. ૯૯૭૯૯૫૬૬૩૩

**સદાશિવ આયુર્વેદિક ક્લિનીક**
પંચકર્મ, એક્યુપંચર & અગ્નીકર્મ સેન્ટર
૫/બી શ્રુતીકુંજ સોસાયટી વિભાગ ૧
ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં
જૂના મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે
મણીનગર પૂર્વ- અમદાવાદ
ફોન ૯૪૨૯૬૧૮૮૫૫


---

## પ્રાર્થના


અલ્પા મ. પુરોહિત, મો. 9904948414


સામાન્યરીતે, આ શબ્દના પ્રવર્તમાન અર્થમાં પ્રભુ પાસે કરાતી કોઈ માંગણી એટલે જ પ્રાર્થના. કોઈ ગાઈને તો કોઈ બોલીને પ્રાર્થના કરે. કોઈ પ્રભુના ચરણે મેવા-મિઠાઇ, મોંઘા વસ્ત્રો, અલંકારો સુદ્ધાં ધરે. અને કોઈ માત્ર આંખો બંધ કરી મૌનનાં સેતૂ દ્વારા પોતાની પ્રાર્થના પહોંચાડે.

કોઈ પ્રાર્થનાનો પ્રભુ અસ્વીકાર કરતો નથી કારણ કે તેનું હ્દય પિતા સમાન છે. જેમ માતા-પિતા પોતાનાં બાળકનાં વર્તન પાછળનું સ્વાર્થસહિત કે નિઃસ્વાર્થ કારણ છે એ ખૂબ સુપેરે જાણે છે એમ પ્રભુ પણ તેનાં ઘડેલાંને જાણે જ છે. સાચાં હ્દયથી કરવામાં આવેલ પ્રાર્થના ઈશ્વર, પ્રભુ, ખુદા કે ગૉડ સુધી અવશ્ય પહોંચે છે. અને આડંબરયુક્ત પ્રાર્થનાનો પડઘો તેની સામે બોદો અવાજ ઉત્પન્ન કરતા સિક્કા જેવો થઈ જાય છે.

આ ઉપરથી એક વાર્તા યાદ આવી ગઈ. એક વખત ભગવાન બુદ્ધની વિશાળ મૂર્તિ બનાવવા

ભિક્ષુઓએ ઘેર-ઘેરથી કિમતી ધાતુ ઉઘરાવવાનું નક્કી કર્યું. લોકોએ પણ ઉલ્લાસભેર મોંઘી ધાતુની વસ્તુઓનું મોટીમાત્રામાં દાન કરી, પોતે પ્રભુને બનાવી રહ્યા છે તેવી ભાવના કરી. આ બધાંમાં નાનકડી આઠ વર્ષની માસૂમ તાઓને પણ પોતાનું યોગદાન આપવાની ઈચ્છા થઈ. તેની પાસે માત્ર એક કટાયેલ ત્રાંબાનો મામૂલી સિક્કો હતો જેને ચળકાટ આપવા તેણે ખૂબ ઘસીને રાખ્યો હતો. તે સિક્કો પાછો તાઓને ખૂબ પ્રિય હતો. તેણે સંપૂર્ણ શ્રદ્ધા થઈ ભિક્ષુઓએ તે ધર્યો પણ, કિમતી ધાતુઓની અઢળક મળેલી ભેટોએ આ સંન્યાસીઓને પણ મૂડીવાદીઓ જેવાં નિષ્ઠુર બનાવી દીધાં અને તેઓ તાઓના સિક્કાને અને રડતી તાઓને તરછોડીને જતાં રહ્યાં. હવે જ્યારે બધી કિમતી ધાતુઓ ભેગી કરી, પિગાળી, બીબાંની મદદથી કરુણામૂર્તિ ભગવાન બુદ્ધની પ્રતિમા ઢાળવામાં આવી ત્યારે બધાંનાં આશ્ચર્ય વચ્ચે ભગવાનની આંખો અશ્રુ ભરેલી હતી. ભિક્ષુઓ ગભરાયા. ફરી-ફરી ત્રણ વખત ધાતુ પિગાળી મૂર્તિ ઢાળવામાં આવી. દરેક વખતે મૂર્તિના ચહેરા ઉપર ક્યાંય હાસ્ય ઝળક્યું નહિ. મઠના વયોવૃદ્ધ વડાએ બધાં જ ભિક્ષુઓને પૂછીને ખાતરી કરી કે કોઈ વ્યક્તિ પાસે પરાણે ભેટ લેવાઈ તો નથીને તેમજ કોઈ ભાવિકની ભેટનો અનાદર પણ તો નથી થયોને?

એક ભિક્ષુ મંડળીઓને છોડી બધાંએ એકસૂરે કહ્યું કે તેમણે એવું કાંઈ જ કર્યું નથી. અને જેમણે તાઓની ભેટનો અસ્વીકાર કર્યો હતો તે મંડળીએ પોતાની ભૂલ કબૂલી અને તાઓની માફી માગી તેનો કટાયેલ સિક્કો આદરપૂર્વક સ્વિકાર્યો. હવે કહેવાની જરૂર નથી કે આ સિક્કા સાથે ફરી ધાતુઓ ઓગાળી પ્રતિમા ઢાળવામાં આવી ત્યારે ભગવાનના ચહેરા ઉપર સંતોષસભર સ્મિત હતું. અહીં તાઓનું દુઃખ અને તેનાં આંસુ સાચી પ્રાર્થના હતાં જે પ્રભુને સ્પર્શી ગયાં.

ગાંધીજીના મતે 'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.'

પ્રાર્થના કરનારનું મન નિર્મળ રહે છે. તેને દરેક સંજોગોમાં એક દૈવી શક્તિનો સાથ સાંપડતો રહે છે. પ્રાર્થના કરનાર ક્યારેય હિંમત હારતો નથી. તેના આત્માને હંમેશ અગોચર બળનો સાથ મળતો રહે છે. પ્રાર્થના કોઈપણ પ્રકારે કરાય, મનુષ્યને શરીર અને આત્માથી દરેક પરિસ્થિતિમાં અડગ રહેવાનું શીખવે છે. એટલે જ સ્તો જ્યારે કુદરતી આફતો ત્રાટકે ત્યારે ભલભલા ભગવાન હોવાનાં પુરાવા માગનાર પણ ક્યારેય ન જોયેલા કે ન જાણેલા ઉપરવાળાને યાદ કરી પોતાના બચાવ માટે આજીજી કરે છે.

નિ:શંકપણે, ઘણીબધી વ્યાખ્યાઓ, જીવનશૈલી તેમજ સ્વભાવને બદલી નાખનાર કૉરૉના કાળે કંઈ કેટલાંય નાસ્તિકોને આકાશ તરફ પ્રાર્થનાઓ મોકલતાં કરી દીધાં છે. એમાં દરેક વાતમાં વૈજ્ઞાનિક અભિગમ શોધનાર આ લેખક પણ સમાવિષ્ટ છે.

Started from 2005.

# Divine and General English Classes.

**Timings:** 9.30 A.M. to 11.30 A.M. & 4.30 PM to 6.30 P.M.

**Sunday is a holiday**

**Mahendrakumar Kantilal Pandya**

**Contact No. 9773053188, 9429167747**









**Address :** University Road; oppo. Shree Ram Dairy, Ravi Ratna Park, Opp. Street No. 6, RAJKOT.

**Received 5 Star in Quality of Education.**

# અભણ MBA

એક મેલાઘેલાં કપડાં પહેરેલો સમોસા વાળો મારી સામેની સીટ પર આવીને બેઠો મારી સામે જોઈને મુસ્કુરાયો. મારે પણ થોડે દૂર જવાનું હતું એટલે થયું કે લાવ થોડી વાતચીત કરૂં, એ બહાને સમય પસાર થશે  મેં પૂછ્યું કે ભાઈ, થાકી જતા હશો ને? આખો દિવસ સમોસા વેચીને? એણે કહ્યું હા સાહેબ. પરંતુ આજે હું બહુ જ ખુશ છું કેમકે બધા જ સમોસા વેંચાઈ ગયા છે  મેં પૂછ્યું, રોજના કેટલા સમોસા વેચો છો?? એણે કહ્યું કે રોજના લગભગ 3500 ( સાડા ત્રણ હજાર) જેટલા સમોસા વેંચાય જાય છે. ઈશ્વર ની કૃપાથી ચાલ્યા કરે છે મેં કહ્યું તમે ખુદ જ બનાવો છો? એણે કહ્યું નહિં સાહેબ, હું બીજા પાસેથી તૈયાર સમોસા લઉં છું. અને એના પર એક 1 રૂપિયો નફો ચડાવીને વેંચી નાખું છું. આ જાણીને હું દંગ રહી ગયો. આનો મતલબ તે દરરોજના રૂપિયા 3500 ( સાડા ત્રણ હજાર) કમાય લે છે. આ હિસાબે મહિના ના રૂપિયા 100000 (એક લાખ) થી પણ વધુ ની કમાણી કરે છે. આટલું તો હું પણ કમાતો ન હતો, મારો પગાર પણ રૂપિયા 30000 (ત્રીસ હજાર) હતો મેં પૂછ્યું કે, આ બધા પૈસા વાપરી નાખો છો? એણે કહ્યું ના, જરૂર પુરતા પૈસા વપરાય જાય છે. અને બાકીના પૈસા વધે તે અન્ય ધંધામાં વાપરૂં છું. મેં પૂછ્યું કે બીજા ધંધા શું છે?? એણે કહ્યું કે સાહેબ, પાંચ વર્ષ પહેલા એક જમીન રૂ. 30 (ત્રીસ લાખ) માં લીધી હતી. જે હમણાં જ રૂ. 4 (ચાર) કરોડમાં વેંચી. એ પૈસા થી અમુક સોનાની ખરીદી કરી અને 50 (પચાસ) લાખ રૂપિયા મારી દિકરી ના લગ્ન માટે રાખ્યા છે અને બીજા પૈસા વધ્યા તેમાંથી મારા ગામડે 10 (દશ ) વીઘા જમીન લઈને રાખી દીધી જેથી થોડી ઘણી ખેતી ની ઉપજ થાય અને બાકીના પૈસામાંથી હમણાં એક જમીનનો ટુકડો લીધો છે. જે સારું વર્ષ થશે ને ભાવ વધુ આવશે તો વેચી નાખીશ અને બાકીના છેલ્લા પૈસા વધ્યા તે મારી બાજુમાં એક સાહેબ રહે છે. જે મારા ખાસ ઓળખીતા છે. તેના દ્વારા મેં મ્યુચ્યુઅલ ફંડ ની સ્કિમમાં રોક્યા છે. અને સાથે સાથે મારો પણ એક વિમો લઈ લીધો.જેથી હું હયાત ના રહું તો મારી પત્નિને પૈસા ની તકલીફ ના પડે.મને હવે લાગ્યું કે હું એક સમોસા વાળા સામે નહિં બલ્કે એક પાકા કરોડપતિ વેપારી સામે બેઠો છું.થોડીવાર પછી એના મોબાઈલમાં રિંગ વાગી અને તેણે 1000 એક હજાર વાળો સાદો ફોન કાઢ્યો, ને વાત કરી. પછી મને કહ્યું કે સાહેબ, શું કરૂં મને ઈન્ટરનેટ નથી આવડતું એટલે આ સાદો ફોન વાપરૂં છું.આ સાંભળીને મને વિચાર આવ્યો કે, શું ફેર પડે છે. ઈન્ટરનેટ આવડે છે એવા યુવાનો તો આજે E. M. I. મોબાઈલ ફોન અને બાઈક હપ્તેથી લઈને ફરે છે.આજના યુવાનોને નાણાકીય સ્વતંત્રતા શું છે? એ ખબર જ નથી પડતી. રોકાણનો વિચાર જ આજના યુવાનોને નથી આવતો. બસ જે હાથમાં હોય તે વાપરી નાખવાના એટલે વાત પતે.ત્યાર બાદ સ્ટેશન આવ્યું એટલે સમોસા વાળો ભાઈ બોલ્યો, ચાલો સાહેબ હું જાઉં છું.ત્યારે મને થયું કે, હું જયાં મોંઘી કોલેજમાં હજારો રૂપિયા ભરીને ભણ્યો છું.પણ જીવનનો મહત્વનો પાઠ તો આ ઓછું ભણેલો સમોસા વાળો ભણાવી ગયો.આપણા પૂર્વજો ખૂબ ઓછું ભણેલા હોવા છતાં આજના M. B. A. કરતાં પણ સુવ્યવસ્થિત અને સુજબુજ થી વેપાર કરી વ્યવહાર ચલાવતા હતા. ત્યારે ભણતર ઓછું અને કોઠાસૂઝ વધુ હતી. શ્રી ભીખુદાન ભાઈ ગઢવી કહે છે તેમ, ભણેલા ને અભણ છેતરી જાય એનું નામ જ કોઠાસૂઝ..

# કિડની

- મીરાં ડી વ્યાસ, રાજકોટ

શું મિત્રો તમે જાણો છો !

આજનો આપણો દેશી અને ઘરગથ્થુ ઉપચાર કિડની છે સો ટકા રીઝલ્ટ.

બહારનુ ફૂડ ખાવા પીવાની આદતના કારણે કિડનીના રોગો વધ્યા કરે છે.

વધારે પડતા મસાલેદાર કે પછી તળેલા. ઝંકફૂડ ખાવાથી કિડની ડેમેજ થઈ શકે છે.

કિડની ડેમેજ કયા કારણોસર થાય છે?

(1) પેશાબ રોકવાથી કિડની ડેમેજ થાય છે માણસે છ-સાત કલાકે પેશાબ કરી લેવાનો રોકી રાખવાથી ઝેરી કચરો જમા થાય છે. (2) પાણી ઓછુ પીવાથી કિડનીમાં ઈન્ફેક્શન થઈ શકે છે અને યુરીન અટકી-અટકીને આવે છે. (3) દરેક માણસે ઓછામાં ઓછુ બે-ત્રણ લીટર પાણી પીવુ જોઈએ. (4) આપણા માંથી ઘણાંને દાળ, શાકમાં ઉપરથી મીઠુ લેવાની આદત હોય છે. અથાણા, પાપડ બધામાં વધારે મીઠાના કારણે કિડની ખરાબ થઈ શકે છે. (5) કોઈ પણ પ્રકારનો નશો કે સ્મોકિંગ કરવાથી કિડની ખરાબ થઈ શકે છે. (6) હાઈબીપી માં કિડની ખરાબ થઈ શકે છે. B. P. ચેક કરાવતા રહેવુ જોઈએ. (7) શરીરમાં કોઈ પણ જાતના દુ:ખાવા હોય અને દુ:ખાવા પેઈન કિલર દવા ઓ ડૉ.ને પુછયા વિના મેડિકલ સ્ટોરથી લેતા હો અથવા પરમેનેન્ટ દુ:ખાવાની દવા ચાલુ હોય. ત્યારે કિડની ડેમેજ થઈ શકે છે.

લક્ષણો:-

(1) પેટ ભારે થઈ જવુ. (2) પેશાબની પ્રક્રિયામાં ફેરફાર થઈ જવો. (3) પેશાબમાં લોહી આવવુ. (4) આંખો નીચે સોજા આવવા. (5) ખૂબજ નબળાઈ લાગવી. ભારે થાક લાગવો. (6 ) દિવસ દરમિયાન ગમે ત્યારે ઠંડી લાગે અને તાવ આવી જવો. (7) ચામડી પર મીઠી ખંજવાળ આવવી. (8) પીઠ અથવા પડખામાં દુખાવો થવો. (9) હાંફ ચઢી જવો. ઉબકા-ઉલ્ટી થવી.

ઉપર જણાવ્યા મુજબ કોઈ એક લક્ષણ દેખાય તો દાકતરી તપાસ કરાવવી જરૂરી છે.

ઈલાજ ઘરગથ્થુ:-

(1) લીમડાના કુણા પાન અને પીપળાની જડ ઉકાળી પીવાનો. લીમડો દસ ગ્રામ પીપળાની છાલ દસ ગ્રામ ઉકાળી ત્રણ ટાઈમ લેવાનો. (2) ઘંઉના જવારા એ આપણી ધરતીની અમૃત સંજીવની છે. જેનો 500 ગ્રામ રસ પીવાનો, લોહી ચલાવવાની જરૂર નહી રહે. (3) 250 ગ્રામ ગોખરુ કાચુ ઉકાળવાનુ સવારે ખાલી પેટે 10 ગ્રામ જેટલો. બપોરે જમ્યા પછી 6કલાકે પીવાનો આ ઉપચાર ત્રણ માસ કરવાનો. (4) ધાણાભાજીનો જ્યુસ પીવાથી કિડનીમાંથી કચરો નીકળી જાય છે. (5) 10 ગ્રામ ખાંડીને ચૂર્ણ બનાવવાનુ. 15 મી.લી. પાણીમાં 10 ગ્રામ ગોખરુ નું ચૂર્ણ 250 મી.લી. દૂધમાં ઉકાળી ઠંડુ થાય એટલે ગાળીને પીવાનુ.

ખોરાક:-

(1) પપૈયુ. સફરજન. દ્રાક્ષ. કાકડીનો ઉપયોગ કરી શકાય છે. (2) કેરીની ગોટલીનો પાવડર લઈ શકાય. ઉપમા ખાઈ શકાય (3) હળવો ખોરાક મીઠા (શોલ્ટ) વગરનો લઈ શકાય છે. (4 ) જવનુ પાણી પી શકાય છે.

# દિવંગત થયેલ 'શ્રી' બંધુઓની યાદી

| | | | |
|---|---|---|---|
| સ્વ. સતીષકુમાર જયંતિલાલ પુરોહિત | વડોદરા | સ્વ. વર્ષાબહેન મનહરલાલ પુરોહિત | અમદાવાદ |
| સ્વ. કલાવતી કિરીટભાઈ પુરોહિત | દાહોદ | સ્વ. કલાબેન દ્વારકાનાથ પાઠક | કાવીઠા |
| સ્વ. રમાગૌરી ગટુલાલ ભટ્ટ | રાજકોટ | સ્વ. વિજયભાઈ દૂર્ગાશંકરભાઈ મહેતા | ગોડંલ |
| સ્વ. કાજલબેન વિમલભાઈ પાઠક | હાલોલ | સ્વ. નરેન્દ્રકુમાર ભાનુશંકર જોષી | વડોદરા |
| સ્વ. ભાનુભાઈ જયશંકર પંડ્યા | સાવલી | સ્વ. ભારતીબેન નટવરલાલ ભટ્ટ | કંટાળા |
| સ્વ. ચંદ્રકાંત ભીખાલાલ ઉપાધ્યાય | કાલોલ | સ્વ. હર્ષાબહેન કશ્યપભાઈ જોષી | લંડન |
| સ્વ. નિલેશકુમાર સત્યેન્દ્રપ્રસાદ ભટ્ટ | અમદાવાદ | સ્વ. રમણલાલ ચંદુલાલ જોષી | શહેરા |
| સ્વ. અનિલકુમાર વિષ્ણુશંકર ભટ્ટ | કાલોલ | સ્વ. કુસુમબહેન હરિપ્રસાદ જોષી | લુણાવાડા |
| સ્વ. કૌશિકભાઈ શાંતિલાલ ભટ્ટ | ગોધરા | સ્વ. ભરતભાઈ પ્રહ્લાદભાઈ પંડયા | ડાકોર |
| સ્વ. કલ્પનાબેન યોગેશકુમાર દવે | | સ્વ. ધિરેન્દ્રકુમાર ભીખુભાઈ પાઠક | અમદાવાદ |
| સ્વ. ભરતકુમાર નરહરિભાઈ પાઠક | | સ્વ. શૈલેન ચંદ્રશંકર પંડ્યા | અમદાવાદ |
| સ્વ. જીતેન્દ્રકુમાર રસિકલાલ જોષી | નડિયાદ | સ્વ. વીરેન્દ્રભાઈ જન્મશંકર પંડ્યા | ગાંધીનગર |
| સ્વ. ધર્મચંદ્ર જટાશંકર જોષી | | સ્વ. જયેન્દ્રપ્રસાદ રામચંદ્ર શુક્લ | લુણાવાડા |
| સ્વ. ધવલ પુંડરીક વ્યાસ | | સ્વ. રજનીકાંત દયાશંકર જોષી | અમદાવાદ |
| સ્વ. મહેન્દ્રભાઈ કાંતિલાલ પુરાણી | વડોદરા | સ્વ. શારદાબેન હરીલાલ પુરોહિત | ગાંધીનગર |
| સ્વ. સદ્ગુણાબેન કનૈયાલાલ જોષી | વડોદરા | સ્વ. હિમાંશુ ઈન્દ્રવદન દવે | વડોદરા |
| સ્વ. ચંદ્રિકાબેન જયપ્રકાશ પંડ્યા | ખંભાત | સ્વ. નર્મદાબેન માનશંકર મહેતા | મુંબઈ |
| સ્વ. દિનકરરાય અનુપમરાય શુક્લ | અમદાવાદ | સ્વ. બિંદુબેન અરવિંદભાઈ દવે | યુ.એસ.એ. |
| સ્વ. નલિનીબહેન દિનકરરાય શુક્લ | અમદાવાદ | સ્વ. હેમંતકુમાર ગૌતમભાઈ પુરોહિત | વડોદરા |

**દિવંગત થયેલ દિવ્યાત્માઓને**

**પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**

# શ્રદ્ધાંજલિ







**ગં.સ્વ. સદ્‌ગુણાબેન કનૈયાલાલ જોષી**
**સ્વ. તા. ૨૧-૦૮-૨૦૨૧**

**સ્વ. કલાબેન મનહરભાઈ જોષી**
**સ્વ. તા. ૨૭-૦૪-૨૦૨૧**

**આપ બન્નેનો પ્રેમાળ મિલનસાર સ્વભાવ**

**સદાય વાત્સલ્યભર્યું પ્રેરણાદાયી જીવન**

**ઉત્તમ કુટુંબ ભાવના એ**

**સદૈવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે.**

**પ્રભુ આપ બન્નેના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.**

આપના,

મનહરભાઈ કનૈયાલાલ જોષી–૯૬૨૪૫૧૩૦૫૧

નિરંજનભાઈ કનૈયાલાલ જોષી (૯૯૭૯૯૩૯૧૨૭) – જયશ્રીબેન નિરંજનભાઈ જોષી

ડૉ.ગિરીશભાઈ કનૈયાલાલ જોષી (૯૯૭૯૦૭૩૫૮૩) – નિરૂપમાબહેન ગિરીશભાઈ જોષી

સ્વ. પ્રદીપકુમાર કનૈયાલ જોષી – દીપ્તીબેન પ્રદીપકુમાર જોષી (૯૮૨૪૬૮૭૪૩૮–મયંક પી.જોષી)

બિપીનચંદ્ર કનૈયાલાલ જોષી–૭૦૯૬૦૫૮૯૫૯ – બિનતાબેન બિપીનચંદ્ર જોષી

પ્રદીપકુમાર મનહરલાલ પંડ્યા–૯૭૨૩૩૪૫૫૩૯ – મહેશ્વરીબહેન પ્રદીપભાઈ પંડ્યા

વિજયકુમાર કનૈયલાલ ઉપાધ્યાય–૯૯૦૯૯૧૧૪૫૧ – રેખાબહેન વિજયકુમાર ઉપાધ્યાય



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

**પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર**

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુક્લ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંક્ચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

**હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર**
**સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧**


---

**૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,**
**જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.**
**બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭**

**Mobile : +91 99799 56633 94296 18855**

**E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com**
**Website : www.shadashivayurvedic.in**

## ઉપલબ્ધ સારવાર



| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અદ્યતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |

# ગીરીરાજ પાર્ક

અલૌકિક આનંદનું પરિસર

## 3 BHK

LAVISH BUNGALOWS



A Project By :

ગીરીરાજ
કન્સ્ટ્રક્શન કંપની

સંપર્ક :

98240 91296
98240 58799
94265 11472
98253 12555
99250 18568
99090 00999

સાઈટ એડ્રેસ : સ્ટેશન રોડ, (ગોધરા રોડ)ની સામે,
મે. ગોકળદાસ પેટ્રોલ પંપની બાજુમાં, લુણાવાડા.